ALEVATE
MUGATLAL GROUP
MBS Aluminium Industries Pvt. Ltd.
Steel Trading Company
ALEVATEPRE-ENGINEERED BUILDING
- Turnkey Steel Building Solution
- Optimised Design
- Accurate manufacturing
- Speedy & Cost Saving Construction
- One Stop Solution for Roofing

Head Office : Krishna Pertrol pump, Udhna Main Road, Surat.
Factories : Sachin GIDC • Pipodara • Burhanpur (MP)
Mobile : 9512953830, 7575882332
E-mail: info@mbsaluminium.com Webside: www.alevate.in

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ બંધ કરે છે.
અમર ઈલેકટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગર પાલિકા સામે, મુગલીસરા, સુરત.
ફોન : 2429322 મો. 9824059872

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ * * * સંવત ૨૦૮૨ માગશર વદ બારસ, મંગળવાર ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫ * * * દૈનિક : ૮૯ - અંક : ૪૫

પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦

મનરેગાના સ્થાને નવી રોજગાર યોજના લવાશે

વિકસીત ભારત ગેરન્ટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન(ગ્રામીણ) ખરડો લોકસભામાં રજૂ કરવા સરકારની તૈયારી

આ નવો કાયદો ગરીબ ગ્રામ્ય પરિવારોને વર્ષના ૧૨૫ દિવસના રોજગારની ગેરંટી આપશે

નવી દિલ્હી, તા. 15 (PTI): મનરેગા યોજના નાબૂદ કરીને તેને સ્થાને ગ્રામ્ય રોજગાર માટેનો એક નવો કાયદો લાવવા માટેનો ખરડો - વિકસીત ભારત ગેરન્ટી ફોર રોઝગાર એન્ડ આજીવીકા મિશન(ગ્રામીણ) VB-G RAMG ખરડો સરકાર લોકસભામાં રજૂ કરવાની તૈયારીમાં છે. ખરડાની નકલ મુજબ, તે VB-G RAMG ખરડો, 2025 ને સંસદમાં રજૂ કરવા અને 2005ના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમને રદ કરવાનો હેતુ ધરાવે છે. આ બિલનો ઉદ્દેશ્ય વિકસિત ભારત 2047 ના રાષ્ટ્રીય દ્રષ્ટિકોણ સાથે સંરેખિત ગ્રામીણ વિકાસ માળખું સ્થાપિત કરવાનો છે, જે દરેક ગ્રામીણ પરિવારને દરેક નાણાકીય વર્ષમાં 125 દિવસના વેતન રોજગારની વૈધાનિક ગેરંટી પ્રદાન કરે છે, જેમાં પરિવારના પુખ્ત સભ્યો સ્વેચ્છાએ અકુશળ મેન્યુઅલ કાર્ય કરવા માટે જોડાઇ શકે છે. આ ખરડાને સોમવારે જારી કરાયેલ લોકસભાની કામગીરીની પૂરક યાદી માં સૂચિબધ્ધ કરવામાં આવ્યો છે.

ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ખરડાના હેતુના નિવેદનમાં જણાવ્યું હતું કે મનરેગાએ છેલ્લા 20 વર્ષોમાં ગ્રામીણ પરિવારોને ગેરંટીકૃત વેતન-રોજગાર પ્રદાન કર્યો છે.જો કે, સામાજિક સુરક્ષા હસ્તક્ષેપોના વ્યાપક કવરેજ અને મુખ્ય સરકારી યોજનાઓના સંતૃપ્તિલક્ષી અમલીકરણ દ્વારા પ્રેરિત ગ્રામીણ પરિદૃશ્યમાં જોવા મળેલા નોંધપાત્ર સામાજિક-આર્થિક

...અનુસંધાન પાના 5 પર

મહાત્મા ગાંધીનું નામ કેમ પડતું મૂકાયું?: વિપક્ષના સરકાર પર પ્રહારો

નવી દિલ્હી. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમને રદ કરવા અને તેના સ્થાને નવો ગ્રામીણ રોજગાર કાયદો લાવવાનો પ્રયાસ કરતા બિલ અંગે સોમવારે સરકારની આકરી ટીકા થઈ હતી, જેમાં વિપક્ષી સાંસદોએ પૂછ્યું હતું કે રાષ્ટ્રપિતાનું નામ કેમ દૂર કરવામાં આવી રહ્યું છે. જ્યારે તેઓ (ભાજપ) સત્તામાં આવ્યા, ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેને ખાડા ખોદવાની યોજના કહી હતી... મનરેગાને સમાપ્ત કરવાનો તેમનો હંમેશા ઇરાદો હતો એમ કોંગ્રેસના

...અનુસંધાન પાના 5 પર

નવી યોજનામાં નાણાકીય જવાબદારી કેન્દ્ર અને રાજ્યો - બંનેની રહેશે

VB-G RAMG કાયદાની શરૂઆતની તારીખથી છ મહિનાની અંદર, રાજ્યોએ નવા કાયદાની જોગવાઈઓ સાથે સુસંગત યોજના બનાવવી પડશે. આ કેન્દ્ર પ્રાયોજિત યોજના હેઠળ, નાણાકીય જવાબદારી કેન્દ્ર અને રાજ્ય સરકારો વચ્ચે વહેંચવામાં આવશે. પૂર્વોત્તર રાજ્યો અને હિમાલયના રાજ્યો માટે તે 90:10 અને વિધાનસભા ધરાવતા અન્ય તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે 60:40 હશે. વિધાનસભા વિનાના

...અનુસંધાન પાના 5 પર

ટીડીપી કહે છે: યોજના રાજ્યો પર બોજ વધારનારી, પણ અમલમાં મૂકીશું

મનેરાગાના સ્થાને આવેલી નવી ગ્રામીણ રોજગાર યોજના અંગે ભાજપના એનડીએમાંના સાથી પક્ષ ટીડીપીનો સૌપ્રથમ પ્રતિભાવ આવ્યો છે. આંધ્રપ્રદેશના આ શાસક પક્ષે આ યોજના અંગે ચિંતા વ્યક્ત કરવાની સાથે તેને અમલી બનાવવાનું પણ કહ્યું છે. આંધ્રના નાણા મંત્રી આમાં નાણાની ભાગીદારીની વાત ચિંતાજનક છે અને તે રાજ્ય પર બોજ વધારશે. જો કે તેમણે કહ્યું છે કે અમે આ યોજનાને ટેકો આપીશું અને અમલમાં મૂકીશું.

નીતીશકુમારે નવનિયુક્ત મહિલા તબીબનો હિજાબ હટાવતા વિવાદ

RJD અને કોંગ્રેસે કહ્યું, આ ઘટના જેડી(યુ) સુપ્રીમોના 'અસ્થિર માનસિક સ્વાસ્થ્ય'નો તાજો પુરાવો છે

પટણા, તા. 15 (PTI). બિહારમાં નવી ભરતી થયેલી આયુષ ડોક્ટર સોમવારે જ્યારે મુખ્યમંત્રી નીતીશ કુમારે નિમણૂક પત્ર પ્રાપ્ત કરતી વખતે પોતાના ચહેરા પરથી હિજાબ (બુરખો) હટાવી દીધો ત્યારે ચોંકી ગઈ હતી.

આ ઘટનાની એક વીડિયો-ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ છે, જે મુખ્યમંત્રી સચિવાલય 'સંવાદ' ખાતે બની હતી, જ્યાં ૧,૦૦૦થી વધુ આયુષ ડોક્ટરોને નિમણૂક પત્રો આપવામાં આવ્યા હતા. પીટીઆઈ સ્વતંત્ર રીતે વીડિયોની સત્યતા

...અનુસંધાન પાના 5 પર

મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ વે પર ગાઢ ધુમ્મસને કારણે 20 વાહનો અથડાયાં

આ અકસ્માતમાં બે પોલીસ-અધિકારીઓ સહિત ચાર લોકોનાં મોત અને 15થી 20 લોકો ગંભીર રીતે ઘાયલ

ગુરુગ્રામ, તા. 15. સોમવારે સવારે ગાઢ ધુમ્મસને કારણે દૃશ્યતા ઘટી ગયા બાદ દિલ્હી-

મુંબઈ એક્સપ્રેસ વે પર અનેક વાહનોના ઢગલા થઈ ગયા હતા, જેમાં ઓછામાં ઓછા ચાર લોકોનાં મોત થયાં હતાં અને અનેક લોકો ઘાયલ થયા. રાણિયાલા પાટકપુર ગામ નજીક એક મોટો અકસ્માત થયો, જ્યાં બે ટ્રક સહિત 20થી વધુ વાહનો નબળી દૃશ્યતાને કારણે એકબીજાં સાથે અથડાયાં હતાં. વહેલી સવારે 5:00 વાગ્યાની આસપાસ થયેલા આ અકસ્માતમાં બે પોલીસ અધિકારીઓ સહિત ચાર લોકોનાં મોત થયાં હતાં અને 15થી 20 લોકો ગંભીર રીતે ઘાયલ

...અનુસંધાન પાના 5 પર

દિલ્હીમાં ગાઢ ધુમ્મસ અને ઝેરી હવા: ૨૨૮ ફ્લાઇટો રદ

સવારે તો એક્યુઆઇ ૪૯૮ પર પહોંચી ગયો, ઝાંખી દ્રશ્યક્ષમતાને કારણે ફ્લાઇટો રદ થવા ઉપરાંત પાંચ ડાઇવર્ટ કરાઇ

નવી દિલ્હી, તા. 15 (PTI): સોમવારે દિલ્હીમાં દૃશ્યતામાં તીવ્ર ઘટાડો અને ધુમ્મસથી ઢંકાઈ ગયેલા આકાશે વધુ એક ખરાબ સ્થિતિ સર્જી હતી. કારણ કે, સવારે શહેરમાં એક્યુઆઈ ૪૯૮ને સ્પર્શ્યો અને સાંજ સુધીમાં ૪૨૭ પર સ્થિર થયો હતો, જેમાં હવાની ગુણવત્તા ખતરનાક 'ગંભીર' ઝોનમાં હતી.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સીપીસીબી) અનુસાર, શહેરભરના ૨૭ મોનિટરિંગ સ્ટેશનોએ હવાની ગુણવત્તા 'ગંભીર' નોંધી હતી, જ્યારે ૧૨ સ્ટેશનોએ 'ખૂબ જ ખરાબ' સ્તર નોંધાવ્યું હતું. ૪૦ સ્ટેશનોમાં વઝીરપુરમાં સૌથી ખરાબ હવા ગુણવત્તા નોંધાઈ છે, જેમાં ૪૭૫ એક્યુઆઈ હતો. ઉલ્લેખનીય છે કે, સીપીસીબી ૫૦૦થી વધુ એક્યુઆઈ મૂલ્ય નોંધાવતું નથી. દિલ્હી માટે એર ક્વોલિટી અર્લી વોર્નિંગ સિસ્ટમના ડેટા દર્શાવે છે કે, પીએમ2.5 સાંદ્રતા પ્રતિ ઘન મીટર ૧૫૪.૯૬ માઇક્રોગ્રામ હતી, જ્યારે પીએમ10નું સ્તર પ્રતિ ઘન મીટર ૨૬૦.૯ માઇક્રોગ્રામ નોંધાયું હતું. દિલ્હીમાં હવા ગુણવત્તા વ્યવસ્થાપન માટે નિર્ણય સહાયક પ્રણાલી મુજબ, ૩.૦૭૯ ટકા પ્રદૂષણ માટે પરિવહન

...અનુસંધાન પાના 5 પર

દિલ્હી ડાયરી

પ્રશ્નકાળ વધુ એક કલાક માટે ચાલુ રાખવા વિનંતી કરાઈ

ઇન્ડિગો એરલાઇન્સના ફ્લાઇટ શેડ્યૂલમાં વિક્ષેપને કારણે સર્જાયેલી હવાઈ મુસાફરીની કટોકટીના કારણે સમગ્ર હવાઈ મુસાફરીના શેડ્યુલ જ નહીં, પરંતુ સમગ્ર દેશમાં ટ્રેન મુસાફરી પર પણ અસર પડી. કોઈ પણ વ્યક્તિ, ખાસ કરીને સંસદના સભ્યો પણ તેની અસરથી બચી શક્યા નહીં. સંસદના શિયાળુ સત્રની મધ્યમાં આ વિક્ષેપ પડ્યો હોવાથી જે સાંસદો સત્રમાં હાજરી આપવા માટે દિલ્હી પહોંચવાના હતા અથવા સપ્તાહના અંતે પોતપોતાના રાજ્યોમાં પોતાના મતવિસ્તારમાં જવાના હતા તેમના પ્રવાસ શેડ્યુલ પણ બગાડી નાખ્યા. તેમણે ફક્ત સંસદમાં આ મુદ્દો ઉઠાવવાનો હતો, જેના પર સરકાર તરફથી વ્યવહારીક રીતે કોઈ પ્રતિભાવ ન મળ્યો, અથવા બિચારા બનીને ઘટનાક્રમ પર સૌ જોતા રહો. તેમના પ્રવાસ શેડ્યુલ બગડી જતાં રાજ્યસભામાં તૃણમૂલ કોંગ્રેસના સંસદીય નેતા ડેરેક ઓ'બ્રાયને શુક્રવારે જ ઉપલા ગૃહના અધ્યક્ષ સી પી

...અનુસંધાન પાના 5 પર

તા. ૧૫-૧૨-૨૦૨૫નું સુરત શહેરનું

હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૨.૭° સે.	૧૬.૪° સે.	૨૫%

સ્થળ પર હુમલો TRFએ કર્યો: NIAની ચાર્જશીટ

પહેલગામ હુમલાનું કાવતરું પાકિસ્તાનમાં લશ્કરે તૈયબાએ ઘડ્યું

આરોપનામામાં છ વ્યક્તિઓ અને બે સંગઠનોના નામ: ૧,૫૯૭ પાનાની ચાર્જશીટ જમ્મુની ખાસ કોર્ટમાં દાખલ

ત્રણ હુમલાખોર આરોપીઓ ૨૯ જુલાઇના રોજ અથડામણમાં માર્યા ગયા છે

જમ્મુ, તા. 15 : ઘાતક પહેલગામ આતંકવાદી હુમલાના લગભગ આઠ મહિના પછી, આ મામલાના સંદર્ભમાં NIA દ્વારા આજે રજૂ કરાયેલી ચાર્જશીટમાં સાત આરોપીઓમાં લશ્કર-એ-તૈયબા (LeT) ના ટોચના કમાન્ડરનો પણ સમાવેશ થાય છે. કુલ મળીને, ચાર્જશીટમાં છ આરોપીઓ અને બે આતંકવાદી સંગઠનો - પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તૈયબા (LeT) અને ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (TRF) - ના નામ આપવામાં આવ્યા છે. પહેલગામ હુમલામાં 22 એપ્રિલના રોજ 26 લોકો માર્યા ગયા હતા, જેમાં મોટાભાગના પર્યટકો હતા.

ચાર્જશીટમાં પાકિસ્તાનના કાવતરા, આરોપીઓની ભૂમિકા અને કેસમાં સહાયક પુરાવાઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ હુમલા પાછળનું આયોજન અને દોરવણી લશ્કરે તૈયબાની હતી અને સ્થળ પર હુમલો ટીઆરએફ દ્વારા કરવામાં આવ્યો હતો એ મુજબ આરોપનામામાં જણાવાયું છે.

રાષ્ટ્રીય તપાસ એજન્સી (એનઆઈએ) દ્વારા ખાસ કોર્ટ સમક્ષ દાખલ કરાયેલ ૧,૫૯૭ પાનાની ચાર્જશીટમાં પાકિસ્તાનમાં થયેલા ઊંડા કાવતરાની વિગતો આપવામાં આવી છે, જે તપાસ એજન્સીએ જણાવ્યું હતું કે પાકિસ્તાન ભારત વિરુદ્ધ આતંકવાદને સતત પ્રાયોજિત

...અનુસંધાન પાના 6 પર

સોનું રૂ. ૪૦૦૦ ઉછળીને રૂ. ૧.૩૭ લાખ/૧૦ ગ્રામની નવી ટોચે

ચાંદીના ભાવ રૂ. ૧૯૯૫૦૦ પર લગભગ સ્થિર

સોનાના ભાવમાં ચાલુ કેલેન્ડર વર્ષ દરમિયાન રૂ. ૫૮૦૦૦ કરતા વધુનો વધારો

નવી દિલ્હી, તા. 15 (PTI): ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, સોમવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાના ભાવ ૪,૦૦૦ રૂપિયા વધીને ૧,૩૭,૬૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના સર્વકાલીન ઉચ્ચતમ સ્તર પર પહોંચ્યા હતા.

૯૯.૯ ટકા શુદ્ધતા ધરાવતી કિંમતી ધાતુ શુક્રવારે ૧,૩૩,૬૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર બંધ થઈ હતી. આંતરરાષ્ટ્રીય સ્પોટ ગોલ્ડ ૪,૩૫૦ ડોલર ઝોન તરફ ઉછળતાં સોનાના ભાવમાં વધુ વધારો થયો હતો, જેના કારણે સ્થાનિક બજારમાં મજબૂત રેલી જોવા મળી હતી એમ LKP સિક્યોરિટીઝના કોમોડિટી અને કરન્સીના વીપી રિસર્ચ એનાલિસ્ટ જતીન ત્રિવેદીએ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે પીળી ધાતુમાં તીવ્ર વધારો વૈશ્વિક મજબૂતાઈને પ્રતિબિંબિત કરે છે અને નવી જીવનકાળની ટોચને સ્પર્શે છે. આ પહેલા ૧૭ ઓક્ટોબરના રોજ સોનાના ભાવમાં ૩,૨૦૦ રૂપિયાનો વધારો થયો હતો અને તે ૧૦ ગ્રામ દીઠ ૧,૩૪,૮૦૦ રૂપિયાના સર્વકાલીન ઉચ્ચતમ સ્તરને સ્પર્શ્યું હતું. આ ગતિ સેફ હેવન માગમાં નવી વૃદ્ધિ અને આગામી અમેરિકી આર્થિક ડેટા માટેની અપેક્ષાઓને કારણે પ્રેરિત થયું હતું. ધ્યાન યુએસ મેક્રો સંકેતો પર કેન્દ્રિત થયું છે, જે અસ્થિરતાને ઉંચી રાખવાની શકયતા

...અનુસંધાન પાના 6 પર

રિલાયન્સ કેસમાં EDએ યસ બેન્કના રાણા કપૂરની પૂછપરછ કરી

અનિલ અંબાણી ગ્રુપની કંપનીઓ સામેની મની લોન્ડરિંગ તપાસના ભાગરૂપે પૂછપરછ કરાઇ

યસ બેંક દ્વારા ADAG ગ્રુપની કંપનીઓને અયોગ્ય રીતે ધિરાણ અપાયું હોવાની શંકા, અંબાણી અને કપૂર વચ્ચે સાંઠગાંઠ હોવાની શક્યતા

નવી દિલ્હી, તા. 15 (PTI): અધિકારીઓએ જણાવ્યું હતું કે, રિલાયન્સ અનિલ અંબાણી ગ્રુપ કંપનીઓ સામેની મની લોન્ડરિંગ તપાસના ભાગ રૂપે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે સોમવારે યસ બેંકના સહ-સ્થાપક રાણા કપૂરની પૂછપરછ કરી હતી. પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ તેમનું નિવેદન નોંધવામાં આવ્યું હતું, એમ તેમણે જણાવ્યું હતું. ૬૮ વર્ષીય કપૂરની ED દ્વારા અગાઉ ધરપકડ કરવામાં આવી હતી અને પૂછપરછ કરવામાં આવી હતી, જે તેમના નેતૃત્વ હેઠળના ધિરાણકર્તા (યસ બેંક) દ્વારા કથિત ગેરકાયદેસર રીતે

(ADAG ગ્રુપ) ને લગભગ ૬,૦૦૦ કરોડ રૂપિયાનું ધિરાણ

...અનુસંધાન પાના 6 પર

ઉંચા ટેરીફ છતાં અમેરિકામાં દેશની નિકાસ નવેમ્બરમાં ૨૨.૬ ટકા વધી

ભારતની અમેરિકામાં નિકાસ નવેમ્બરમાં ૬.૯૮ અબજ ડોલર થઇ

જો કે અમેરિકાથી ભારતની આયાતમાં પણ ૩૮.૨૯ ટકાનો મોટો વધારો, ૫.૨૫ અબજ ડોલર થઇ

નવી દિલ્હી, તા. 15 (PTI): વાણિજ્ય મંત્રાલયના આંકડા મુજબ, સતત બે મહિના સુધી નકારાત્મક વૃદ્ધિ નોંધાવ્યા પછી, નવેમ્બરમાં ભારતની અમેરિકામાં નિકાસ 22.61 ટકા વધીને 6.98 અબજ ડોલર થઈ છે, જ્યારે કે અમેરિકાએ ભારતથી થતી આયાત પર ૫૦ ટકાના દરે વેરો લાગુ કર્યો છે.

ડેટા દર્શાવે છે કે ગત મહિના દરમિયાન આયાત 38.29 ટકા વધીને 5.25 અબજ ડોલર થઈ છે. આ નાણાકીય વર્ષના એપ્રિલ-નવેમ્બરના સમયગાળા દરમિયાન, દેશની અમેરિકામાં નિકાસ 11.38 ટકા વધીને 59.04 અબજ ડોલર થઈ છે, જ્યારે આયાત 13.49 ટકા વધીને 35.4 અબજ ડોલર થઈ છે.

...અનુસંધાન પાના 6 પર

નવેમ્બરમાં ભારતની નિકાસ ૬ મહિનાની ઉંચી સપાટીએ

નવી દિલ્હી. ઓક્ટોબરમાં ઘટાડા બાદ નવેમ્બરમાં ભારતની નિકાસ ૧૯.૩૭ ટકા વધીને ૩૮.૧૩ અબજ ડોલરની છ મહિનાની ઊંચી સપાટીએ પહોંચી છે જેના કારણે એન્જિનિયરિંગ અને ઇલેક્ટ્રોનિક્સ માલના ઊંચા શિપમેન્ટને કારણે વેપાર ખાધને પાંચ મહિનાના નીચલા સ્તરે ૨૪.૫૩ અબજ ડોલર સુધી ઘટાડવામાં મદદ મળી. સોમવારે જાહેર કરાયેલા સરકારી આંકડા અનુસાર, સમીક્ષા હેઠળના મહિના દરમિયાન સોનું, ક્રૂડ ઓઇલ, કોલસો અને કોકના ઇનબાઉન્ડ શિપમેન્ટમાં ઘટાડો થવાને કારણે દેશની આયાત ૧.૮૮ ટકા ઘટીને ૬૨.૬૬ અબજ ડોલર થઈ ગઈ હતી. નવેમ્બરમાં વેપારી નિકાસનું મૂલ્ય મે પછી સૌથી વધુ (૩૮.૦૩ અબજ ડોલર) છે, જ્યારે બહાર તરફ જતાં શિપમેન્ટમાં છેલ્લા સાડા ત્રણ વર્ષમાં જૂન ૨૦૨૨ પછી સૌથી તીવ્ર માસિક

...અનુસંધાન પાના 6 પર